//

સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦/૦૯/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૨/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૩/૪૩૮/અ.૧(પા.ફા.)

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૭/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૮/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ ૨૦૨૧-૨૨/૩૦૯૦

**આમુખ:-**

સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય આપવાની યોજના હાલ અમલમાં છે, જે માટે અનુસરાતા વંચાણે લીધેલા ઉક્ત ઠરાવોની જોગવાઇની વિગતો નીચે મુજબ છે:

| ક્રમ | ઠરાવ ક્રમાંક અને તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૨/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી<br>(૧) મૂળ ગુજરાતના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીને વાર્ષિક રૂ.૨,૦૦,૦૦૦/- સુધીની આવક મર્યાદાને ધ્યાને લઇ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક |

| | | |
|---|---|---|
| | | પરીક્ષાની તૈયારી માટે રૂ.૨૦,૦૦૦/- ખાસ પ્રોત્સાહન સહાય આપવાની યોજના અમલમાં આવેલ,<br>(૨) ઉક્ત યોજના માટે તાલીમાર્થીનું લાયકાતનું ધોરણ ગુજરાત જાહેર સેવા આયોગે સંબંધિત પરીક્ષા માટે નિર્ધારિત કરેલ શૈક્ષણિક લાયકાતમાં ૫૦% ગુણ જેટલું હોવું જોઇએ તેમ ઠરાવેલ,<br>(૩) રાજ્યની ખ્યાતિ પ્રાપ્ત ખાનગી સંસ્થાઓ દ્વારા તાલીમ આપવાની તથા ઉક્ત એજન્સીની પસંદગી પેનલ બનાવીને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ટેન્ડર પ્રક્રિયા કરીને સંસ્થા પસંદ કરવાની જોગવાઇ કરેલ હતી. |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/ ૪૩૮/અ.૧(પા.ફા.) | પ્રસ્તુત ઠરાવથી ઉક્ત યોજના અંતર્ગત તાલીમાર્થીની વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૦૦ લાખથી વધારીને રૂ.૪.૫૦ લાખ કરવામાં આવેલ. |
| ૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૭/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી આ યોજનામાં પસંદ થયેલ સંસ્થામાં કોચિંગ મેળવતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે ચૂકવવાનું તથા ઉક્ત સંસ્થાઓની પસંદગી અંગે નીચે મુજબના ધારા ધોરણો ધ્યાને લેવાનું ઠરાવેલ:<br>૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇએ.<br>૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇએ.<br>૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે. |

| | | |
|---|---|---|
| | | ૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.<br>૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહું યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે. |
| ૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ગુજરાત જાહેર સેવા આયોગ ઉપરાંત (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (જીએસએસએસબી), (૨) રાજ્ય પોલીસ ભરતી, (૩) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (જીપીએસબી) વગેરે તેમજ કેન્દ્ર કક્ષાની (૧) બેંકિંગ, (૨) રેલ્વે, (૩) આર્મી ભરતી (૪) સેન્ટ્રલ પોલીસ ફોર્સ (CRPF, BSF, CISF વગેરે) અને (૫) સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી) વગેરે દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ની ગુજરાત સરકાર અને ભારત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે કોચિંગ સહાય તરીકે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે આપવાનું ઠરાવેલ છે. |

વંચાણે લીધા ક્રમાંક (૫) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સંસ્થાઓની ચકાસણી કરીને પાત્ર સંસ્થાઓ એમ્પેનલ કરવાના સ્થાને, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વધુ ઉમેદવારો જિલ્લા/ગ્રામ્ય/તાલુકા કક્ષાએ પોતાના રહેઠાણની નજીક/અનુકૂળ હોય તેવી પોતાની પસંદગીની સંસ્થાઓમાં કોચિંગ મેળવી, સમયસર આ યોજનાનો લાભ મેળવી પોતાનો લક્ષ્ય સાધી શકે તે માટે તાલીમ આપનાર સંસ્થાઓ તેમજ તાલીમાર્થીના ધારાધોરણ નક્કી કરી પ્રસ્તુત યોજનાનો સંકલિત ઠરાવ કરવા માટે દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય આપવાની યોજના માટે વંચાણે લીધા ક્રમાંક (૧), (૩) અને (૪) પરના ઠરાવોના સ્થાને નીચે મુજબનો સંકલિત ઠરાવ અમલમાં લાવવાનું આથી ઠરાવવામાં આવે છે:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને (૧) ગુજરાત જાહેર સેવા આયોગ, (૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (જીએસએસએસબી), (૩) રાજ્ય પોલીસ ભરતી, (૪) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (જીપીએસબી) વગેરે જેવી રાજ્ય કક્ષાની તેમજ કેન્દ્ર કક્ષાની (૧) બેંકિંગ, (૨) રેલ્વે, (૩) આર્મી ભરતી (૪) સેન્ટ્રલ પોલીસ ફોર્સ (CRPF, BSF, CISF વગેરે) અને (૫) સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી) વગેરે દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ની ગુજરાત સરકાર અને ભારત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાંથી કોઇ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમાર્થીને રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછું હોય તે તાલીમાર્થીના બેંક ખાતામાં DBT મારફતે ચૂકવવામાં આવશે. અતિ પછાત, વધુ પછાત અને વિચરતી-વિમુક્ત જાતિના તાલીમાર્થીઓને અગ્રતા આપવાની રહેશે. તાલીમાર્થી દ્વારા સીધી અરજી કરી શકાય તે માટે અમલીકરણ સબંધિત જરૂરી સુધારા નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા કરવાના રહેશે.

તાલીમાર્થીઓને નીચે મુજબના ધારાધોરણના આધારે કોચિંગ સહાય મળવાપાત્ર રહેશે:

(૧) મૂળ ગુજરાતના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૨) તાલીમાર્થી જે ભરતી પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ મેળવવા માંગતા હોય તે ભરતીની શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા લાગુ પડશે. તે શૈક્ષણિક લાયકાતમાં ૫૦% કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઇએ.

(૩) તાલીમાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ.

(૪) તાલીમાર્થીએ સંસ્થા પાસેથી તાલીમની હાજરીનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.

(૫) તાલીમાર્થીને આ યોજનાનો લાભ ફકત એક જ વાર મળવાપાત્ર થશે.

(૬) સંસ્થાના ત્રણ વર્ષના અનુભવ અંગેનું ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

તાલીમાર્થીએ નીચે મુજબના ધારાધોરણ ધરાવતી સંસ્થા કોચિંગ સહાય માટે પસંદ કરવાની રહેશે:

(૧) તાલીમાર્થીએ પસંદ કરેલ સંસ્થા GST/PAN નંબર ધરાવતી હોવી જોઇએ.

(૨) તાલીમ આપતી સંસ્થા મુંબઇ જાહેર ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦, કંપની અધિનિયમ, ૧૯૫૬, શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૮ (દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ, ૧૯૪૮) પૈકી કોઇપણ અધિનિયમ હેઠળ નોંધણી થયેલ હોવી જોઇએ.

(૩) સંસ્થા ઓછામાં ઓછું ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઇએ.

(૪) સંસ્થા અન્ય સરકારી ધારાધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૧૭/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રીના અંગત મદદનીશ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં. ૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૩) સિલેકટ ફાઇલ